# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૦૯ ● ડિસેમ્બર ૨૦૨૪

Volume no. 18, Issue No. 209 December 2024




પ્રકાશક: શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-





ગોલ્ડન સીટી (કચ્છ) મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

મોડપર (કચ્છ) મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી








માંડવી કચ્છના હરિભક્તો દ્વારા અમદાવાદ મંદિરમાં ધામધૂમથી શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

shree swaminarayan mandir ©
amdavad-one


વર્ષ - ૧૮ (મૂળ વર્ષ ૫૭) ● સળંગ અંક : ૨૦૯ ● ડિસેમ્બર-૨૦૨૪


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ ધર્મ પ્રવાસ ૦૬

૦૪. શ્રીહરિના સાતમાં અને આઠમાં વંશજના મુખેથી અમૃતવચનો ૦૭

૦૫. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૦

૦૬. ભક્તિસુધા ૧૨

૦૭. સત્સંગ સમાચાર ૨૦

શ્રી સ્વામિનારાયણ

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો,

દિવાળી ગઈ, નવું વર્ષ આવ્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણને કહીને ગયા છે કે, જેમ વણિક હોય તે વ્યાપારનો વર્ષે દહાડે હિસાબ માંડે છે તેમ ભગવાનના ભક્તએ પણ સત્સંગમાં પોતે કેટલો આગળ વધ્યો કે પાછો પડ્યો તેનો હિસાબ માંડવો.

ધન, પુત્ર, સંસારમાં માન, મોટપ એમાં સાચું સુખ નથી. સાચું સુખ તો ભગવાનના ચરણોમાં જ છે. ભગવાનના સંબંધે કરીને સાચું સુખ મળે છે. માટે ભગવાનનો સંબંધ અતિશે રાખવો, તો જ ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થશે. લોભ તો ભગવાનના સુખનો રાખવો. બીજા  આ સંસારના પંચવિષયના સુખ તો ભગવાનના સુખ આગળ તુચ્છ છે.  તો ભગવાનમાં પ્રીતિ કરવી.

ધીમે ધીમે આ સંસારથી વૈરાગ્યને પામી ભગવાનની ભક્તિ કરવી. ભગવાનમાં પ્રીતિ થશે તો ઓટોમેટિક આ સંસારને વિષે તુચ્છપણું જણાશે.

ભગવાન પાસે નિરંતર પ્રાર્થના કરવી કે આ ઈંદ્રિયો, અંતઃકરણ જે શત્રુઓ છે તે થકી મારી રક્ષા કરજો. મારે કેવળ આત્મારૂપ થઈ ભગવાનને વિષે હેત ભક્તિ કરવી.

“જે પુરુષો ઘરમાં રહીને પણ સર્વ કર્મો મને - ઈશ્વરને સમર્પણ કરી દે છે અને મારી કથા-વાર્તામાં જ કાળ નિર્ગમન કરે છે તેઓને એ ઘર પણ બંધનકારક થતાં નથી. (શ્લોક ૧૯, અ. ૩૦ ચતુર્થ સ્કંધ- ભાગવત)

આપણને આ મોંઘો મનુષ્ય દેહ મળ્યો છે, તો સત્સંગ, ભક્તિ - શ્રીહરિની સેવા કરી લેવી, બાકી તે વિના તો આ મનુષ્ય દેહની શું સાર્થકતા છે ? ગમે તેટલું ધન, સત્તા, માન-મોટપ મળે તેનું પણ શું ફળ છે ?

જો સુખી થવું હોય તો, અપેક્ષાઓ ઓછી કરો. કોઈપણ પ્રકારની (ધન, સ્ત્રી, સંપત્તિ, જમીન અને બીજી કામનાઓ) ઈચ્છા નહી રાખનાર સદા સુખી રહે છે.

ધનુર્માસ ધૂન મહોત્સવ ૧૬ ડિસેમ્બરથી પ્રારંભ થશે. અમદાવાદ શહેરમાં વસતા સર્વે હરિભક્તોને ધનુર્માસ ધૂનમાં લાભ લેવા અમારો ખાસ અનુરોધ છે. સાથે સાથે માસિક ધૂનના યજમાન પણ બનશો. આવો લાભ વર્ષમાં એકવાર જ મળે છે.

બાકી તો, ખબર છે ને ? એક દિવસ આ ખોળિયું ખાલી કરીને જવાનું નિશ્ચે નક્કી છે. માટે ધનુર્માસમાં થાય એટલું ભજન કરી લેશો.

જયશ્રી સ્વામિનારાયણ

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓક્ટોમ્બર-૨૦૨૪)

૧૩ પ૨ મો પ્રાકટ્યોત્સવ પ્રસંગે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી દર્શન કરી ઠાકોરજીનું રસોડું અને સંત નિવાસનું ભૂમિ પૂજન પોતાના વરદ્ હસ્તે કરી ન્યુ નિકોલ નૂતન મંદિરનું ભૂમિપૂજન વિધિવત રીતે કરી પ્રાસંગિક સભામાં સંતો હરિભક્તો દ્વારા પ૨ માં પ્રાકટ્યોત્સવની શુભેચ્છા વ્યક્ત કરી.

૧૭ થી ૨૫ ઓસ્ટ્રેલીયામાં સીડની અને મેલબોર્ન સંત મંડળ સાથે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર પધારી ઠાકોરજીની આરતી ઉતારી સત્સંગ સભા-પધરામણીઓ આદિ કાર્યક્રમ થયા.
ન્યુઝીલેન્ડ આપણા ઓકલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સભા પધરામણીઓ કરી.

૩૧ શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા કાળી ચૌદશ શ્રી હનુમાનજીનું પૂજન આરતી કરવા પધાર્યા. ઉનાવા મંદિર પધરામણી. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી હનુમાનજીનું પૂજન-આરતી કરી સમૂહ ચોપડા પૂજન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

(નવેમ્બર-૨૦૨૪)

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવના દર્શન કરી પોતાની બેઠકમાં સંતો-હરિભક્તોને નૂતન વર્ષના દર્શન આશીર્વાદ શુભેચ્છા વ્યક્ત કરી અન્નકૂટોત્સવની આરતી ઉતારી.

૫ ગવાડા ગામે કોઠારી પરિવાર દ્વારા આયોજીત કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૮ મોતીપુરા ગામે કથા પ્રસંગે પધરામણી.

૧૨ પ્રબોધિની એકાદશીના શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર મેમનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભામાં પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા.

૧૭-૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર મોડપર (કચ્છ) ગામે મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થઈ. સભામાં રૂડા આશીર્વાદ આપી રામપરા (કચ્છ) ગામે કથા પ્રસંગે પધરામણી.

૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર આદિપર (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની

(ઓક્ટોમ્બર-૨૦૨૪)

૧૩ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ૨ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવની આરતી ઉતારી દર્શન કરી ઠાકોરજીના રસોડા અને સંત નિવાસનું ભૂમિપૂજન કરી ન્યુ નિકોલ મંદિરનું ભૂમિપૂજન કરી પૂ. મહારાજશ્રીના પ૨ માં પ્રાકટ્યોત્સવની સભા પોતાના સાંનિધ્યમાં સંપન્ન થઈ.

૧૬ શરદોત્સવ પ્રસંગે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પધાર્યા.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભામાં પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા.

૧૯ બાવળા શ્રી સંસ્કારધામ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦ શ્રી સ્વામિનારાયણ બાગ અસારવા શ્રી વિર હનુમાનજીના પાટોત્સવ પ્રસંગે દર્શનાર્થે પધાર્યા.

(નવેમ્બર-૨૦૨૪)

૧ અમદાવાદ કાલુપુર મંદિર દીપોત્સવ પ્રસંગે પધાર્યા.

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવના દર્શન કરી બેઠકમાં સંત-હરિભક્તોને દર્શન આશીર્વાદ આપી અન્નકૂટોત્સવની આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી.

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુરા પાટોત્સવ-શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર શ્રી હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ ધર્મ પ્રવાસ

- કોઠારી શાસ્ત્રી મુનિ સ્વામી

ઓસ્ટ્રેલીયામાં આપણા ગુજરાત, કચ્છ પ્રાન્તના હજારો શ્રીહરિના આશ્રિતો આફ્રિકા, યુ.કે. ભારતથી અહીં ઘણા સમયથી નોકરી, ધંધાર્થે સ્થાયી થયા છે. આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણની કૃપાથી, ધર્મકુળના આશીર્વાદથી અને આપણા સંતોના વિચરણથી અહીં નિષ્ઠાવાળો અને શુધ્ધ ઉપાસનાવાળો સત્સંગ ખૂબજ વિસ્તર્યો છે. આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી ગાદી પર હતા ત્યારથી અહીં શ્રી નરનારાયણદેવના પાયા નખાયા છે. ધર્મકુળનું અવાર-નવાર વિચરણ અને અમદાવાદ-ભુજ કચ્છના આપણા સંતોના વિચરણથી અહીંના તમામ રાજ્યોમાં ધીરે ધીરે આપણા મંદિરો બની રહ્યાં છે. પૂ. મહારાજશ્રી દર વર્ષે સંત-પાર્ષદ મંડળ સાથે પધારીને અહીંના સત્સંગને ખૂબજ પોષણ આપી રહ્યાં છે. આપણા ભુજ મંદિરના વારા વાળા સંતો પણ દર વરસે અહીં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા રહે છે. ગમે તેટલું ભૌતિક સુખ અહીં મળતું હોય પણ પોતાના કુટુંબ-પરિવારમાં જો ધર્મના સંસ્કાર ન હોય તો પોતાની ભાવિ પેઢીનું જીવન નિરર્થક બની જાય છે. સુખ શાંતિ મળતી નથી. જેથી આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી દેશ-વિદેશમાં રહેતા સત્સંગ પરિવારોની ભાવિ પેઢી માટે ખૂબ ચિંતિત છે. અને તે માટે જ અવાર-નવાર પશ્ચિમના દેશોમાં જ્યાં જરૂર પડે ત્યાં આપણા મંદિરો, ચેપ્ટરો, યુવક-બાળ મંડળની સ્થાપના કરે છે. આવા સુંદર ઉદ્દેશથી હમણા તા. ૧૭ ઓકટોબરથી ૨૫ ઓકટોબર દરમ્યાન ઓસ્ટ્રેલીયાના ધર્મ પ્રવાસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, અમદાવાદ મંદિર પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, પૂ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી, હજુરી પાર્ષદ વનરાજ ભગત સાથે પધાર્યા. અહીં પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અગાઉ આપણા સંતો શા. સ્વા. સુવ્રતસ્વરૂપદાસજી, સ્વા. ભક્તિકિશોરદાસજી, શા. સ્વા. ભક્તિનંદનદાસજી, સ્વામી બ્રહ્મદર્શનદાસજી આદિ સંતો ત્યાં વિચરણમાં હતાં.

તા. ૧૮-૧૦-૨૪ થી તા. ૨૧-૧૦-૨૪ દરમ્યાન આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ડેરીમેટ (મેલબોર્ન)નો પંચમ પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો. પૂ. રામ સ્વામીએ કથા વાર્તાના માધ્યમથી હરિભક્તોને ખૂબ રાજી કર્યા.

અહીંના સર્વે હરિભક્તોએ કથામૃત પાન કરી ધર્મકુળ દર્શન આશીર્વાદ બાદ ઠાકોરજીના અન્નકૂટ દર્શન કરી પ્રસાદ લેવા પધાર્યા. અહીં હરિભક્તોને ત્યાં પધરામણી અને સત્સંગ સભા દ્વારા પૂ. મહંત સ્વામી અને સંત મંડળે સૌને પ્રોત્સાહિત કર્યા. છેલ્લે પૂ. મહારાજશ્રીએ સૌનું શ્રેય અને મંગળ થાય અને દેવ પ્રત્યેની નિષ્ઠા વધે તેવા મંગલ આશીર્વાદ આપ્યા.

તા. ૨૦-૧૦-૨૦૨૪ ના અહીં કેસી (મેલબોર્ન) આપણા નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું ભૂમિ પૂજન પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયું. અહીં આપણા ઘણા હરિભક્તો સ્થાયી થયા છે. જેથી મંદિરની જરૂરિયાત હતી. મંદિર થતા હરિભક્તોને ભગવાન ભજવાનું વિશેષ સુખ મળશે.

તા. ૨૨-૧૦-૨૦૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર બોરોનીયા (મેલબોર્ન) પ.પૂ. મહારાજશ્રી પધાર્યા. ઠાકોરજીની આરતી કરી, સત્સંગ સભામાં આપણા સંતો દ્વારા કથા વાર્તા અને છેલ્લે પૂ. મહારાજશ્રીએ સૌ હરિભક્તોને દેવ પ્રત્યે નિષ્ઠા વધે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા. અહીં સત્સંગ ખૂબજ વિસ્તર્યો છે.

તા. ૨૩-૧૦-૨૦૨૪ ના આપણું સૌ પ્રથમ મંદિર સીડની બ્લેક ટાઉન પધરામણી કરી નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી દર્શન કરી સત્સંગ સભામાં પૂ. રામ સ્વામી, પૂ. સુવ્રત સ્વામી, ભક્તિ સ્વામી અને પૂ. મહંત સ્વામીએ ખૂબજ સત્સંગનું બળ મળે તેવા પ્રેરણારૂપ આશીર્વાદ પાઠવ્યા. છેલ્લે પૂ. મહારાજશ્રીએ અત્રેના સૌ હરિભક્તોનું મહારાજ ખૂબ રૂડું અને મંગળ કરે અને તેમની શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા ખૂબ વધે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા.

તા. ૨૪-૧૦-૨૦૨૪ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કિંગ્સપાર્ક સીડનીમાં પધારી સૌ પ્રથમ ઠાકોરજીની આરતી ઉતારી, દર્શન કરી સભામાં પધાર્યા. પૂ. રામ સ્વામી, પૂ. મહંત સ્વામી અને સંત મંડળ દ્વારા હરિભક્તોને બળ અને પ્રેરણા મળે તેવા સુંદર આશીર્વાદ આપ્યા. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ અહીંનો સત્સંગ ખૂબ વૃધ્ધિ પામે અને શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા વધેઅને ભાવિ પેઢીમાં ખાસ સત્સંગ સંસ્કાર જળવાય એવા રૂડા આશીર્વાદ આપ્યા.

તા. ૨૫-૧૦-૨૪ થી તા. ૨૬-૧૦-૨૪ ન્યુઝીલેન્ડ ઓકલેન્ડ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર પધાર્યા. નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી-દર્શન કરી ભવ્ય નૂતન સ્વામિનારાયણ કોમ્પલેક્ષમાં સભામાં આપણા સંતો પૂ. મહંત સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, પૂજ્ય રામ સ્વામી, શા. સ્વા. ધર્મકિશોરદાસજી અને સ્વામી રામાનુજદાસજી આદિ સંત મંડળે કથા વાર્તાના માધ્યમથી હરિભક્તોને ખૂબ રાજી કર્યા. પ.પૂ. મહારાજશ્રીએ આપણા ઓકલેન્ડ મંદિરના પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલ અને સેવા કરતા તમામ હરિભક્તો ઉપર ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા. અહીં સત્સંગ ખૂબ વિકાસ પામ્યો છે. તમામ હરિભક્તોની દેવ પ્રત્યેની નિષ્ઠા ખૂબ છે. જેથી સૌ સુખીયા છે.





# શ્રીહરિના સાતમાં અને આઠમાં વંશજના મુખેથી અમૃતવચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**પ.પૂ. મહારાજશ્રી, પૂનમ સત્સંગ સભા, કાલુપુર મંદિર, તા. ૧૭-૧૦-૨૦૨૪ :** ભાગ્યશાળી છે કે જેઓ ભગવાનના ચરણોમાં રહી શકે છે. કારણ કે એવું કહેવાય છે અને શાસ્ત્રોમાં પણ લખેલું છે કે મૃત્યુ પછી અષ્ટ આવરણ એટલે કે આઠ આવરણ નડે, પણ અહીં પૃથ્વી ઉપર ૮૦૦૦ આવરણ છે એમ કહીએ તો પણ ઓછા કહેવાય. છેડો જ આવે એવું નથી. **માણસના મન ઉપર માણસનો કાબુ રહે એવું વર્તમાન સમયનું વાતાવરણ નથી.** તમે ઘેરથી નીકળ્યા, ઘણા ગામડેથી આવ્યા હશો. પાટિયા જોયા હશેને, ખાવાની, પહેરવાની, બીજી-ત્રીજી વગેરે કેટકેટલી એડવર્ટાઈઝ હોય. એ બધું મગજમાં જાય બાકી - રહે તો ટી.વી. આવે, ડબલા (મોબાઈલ) આવે. તો આ માણસોના નાના આવરણોની વાત થઈ.

વિશેષ આવરણ વચનામૃતમાં મહારાજે સ્વભાવના આવરણની વાત કરી છે. સ્વભાવનું આવરણ ટાળવું એ બહુ કઠણ છે. સંતોએ પૂછ્યું, સ્વભાવ ટળે ? મહારાજ કહે, ના ટળે પણ બહુ પુરુષ પ્રયત્ન કરે અને પછી ભગવાનની કૃપા થાય ત્યારે કદાચન માણસ સ્વભાવથી છૂટી શકે. હવે મહારાજ જ્યારે કદાચન શબ્દ કહેતા હોય ત્યારે એ બહુ મોટી વાત છે. **આપણે બધા સ્વભાવને આધીન છીએ. ભગવાન એકલા જ સ્વભાવથી પર છે.**

આ વાત એટલા માટે કહું છું, લાંબુ નથી કરવું. પણ આજે આ પરિવારે જે લાભ લીધો છે એ મારી ભાષામાં કહું તો વલ્લભ બાપા જૂના જોગી છે. **જેમણે જીવનમાં નરનારાયણદેવના પગથિયાં સિવાય બીજુ કંઈ ભાળ્યું નહોતુ.** સત્સંગમાં એની નિષ્ઠા અને એનો ખપ કાયમ જળવાઈ રહ્યો અને એમના પરિવારે આજે જાળવી રાખ્યો છે અને જાળવવાનો છે. એ જ આપણી મોટામાં મોટી સમૃદ્ધિ છે. સમૃદ્ધિ કોને કહેવાય ? પૈસા, ગાડી, બંગલા એ સમૃદ્ધિ છે ? એ તો બધું આવે છે પણ નાશવંત છે. પણ માણસ માની શકતો નથી. આટલી જમીન છે. આટલી જગ્યા છે. બે મકાન છે. બીજા બે-ચાર લેવાના છે. પાર આવે છે ? **પણ સરવાળે ભગવાનના ચરણોમાં રહીને જે સમૃદ્ધિ ઉભી થાય છે એ જ સાચી સમૃદ્ધિ છે.** આ વાસ્તવિકતા છે.

ડોહા આખી જીંદગી ભગવાનના થઈને રહ્યા, આજે ભગવાનના ચરણોમાં છે. ગર્વ થાય એવા વડીલો પ્રત્યે આપણે પ્રેરણા લેવાની. મહારાજે અને નંદ સંતોએ પણ વાત કરી છે કે પહેલા જે ભક્તો થયા છે અને આજે જે ભક્તો છે કે જેઓ ભગવાનના થઈને રહ્યા છે એનાથી કોઈ અધિક પ્રાપ્તિ નથી.

**પહેલા જ વચનામૃતમાં મહારાજે કહ્યું કે કઠણમાં કઠણ સાધન કયું ? તો ભગવાનની મૂર્તિમાં મનની અખંડ વૃત્તિ રાખવી એ કઠણમાં કઠણ સાધન છે ને એ પહેલું વચનામૃત સાધવા માટે ૨૭૩ માંથી પાછળના ૨૭૨ છે.** શરૂઆત મહારાજે ત્યાંથી કરી છે. શું કરીએ તો અંતકાળે ધામમાં જવાય એ લબાચામાં પાછળનો આખો કાર્યક્રમ છે. **ભગવાનના થવું એ આજના જમાનામાં કઠણ છે. કારણ કે કેટલા આવરણો પાર કરવા પડે ! પણ ભાગ્યશાળી છો કે અહીં આવીને બેસી શકો છો.** કોઈ ઘેર હોય, અશક્ત હોય, કંઈ કામ હોય પણ પૂનમ હોય કે એકાદશી હોય. આખા દિવસ દરમિયાન સવાર બપોર સાંજ ગમે ત્યારે જેઓ દેવના દર્શન કરવા આવે છે અને **દેવના થઈને રહ્યા છે એથી આજના જમાનામાં એને બીજી કોઈ મોટી પ્રાપ્તિ નથી. આ બહુ મોટી વસ્તુ છે. કારણ કે કઠણ છે.**

આચાર્યના થઈ જવાય, સાધુના થઈ જવાય, કોઈ હરિભક્તના થઈ જવાય પણ ભગવાનના કોણ થાય છે ?

આ વસ્તુ બહુ મહત્વની છે. **ભગવાનના થવું એ જ મહત્વની વાત છે.** કોઈ કહે અમે આચાર્યની આજ્ઞામાં રહીએ છીએ, ના રહેશો, દયા કરો. ક્યાંય લખાણ લખ્યું નથી. લખાણ તો એવું છે કે દેવની આજ્ઞામાં રહેશો તો આચાર્યની આજ્ઞામાં રહ્યા જ છો. અમારે પણ દેવની આજ્ઞામાં જ રહેવાનું હોય છે. **દેવની આજ્ઞામાં જે રહેશે તો આચાર્યની આજ્ઞા આવી ગઈ. એના ઉપર દેવ, આચાર્ય, સંતો બધા રાજી થશે અને હરિભક્તોને અરસ પરસ હેત અને લાગણી રહેશે.**

મહારાજે નાનકડી શિક્ષાપત્રી લખી છે. મૂળ તો મહારાજની આજ્ઞા ૨૧૨ શ્લોકની છે. ૨૧૨ માંથી આપણા ભાગે આવે છે કેટલા ? ભાંગ્યા તૂટ્યા ૨૫% માંડ આવે. સાધુ, આચાર્ય, સધવા, વિધવા વગેરે બધાના વિશેષ ધર્મો જૂદા કાઢો તો બાકી શું રહ્યું ? એમાંય કઠણ પડે છે. આ હું નકારાત્મક રીતે નથી કહેતો પણ ઘણાને ઘણી વખતે શિક્ષાપત્રી મોટી પડે છે. તો વળી કેટલાકને નાની પડે છે. આટલું જ પાળવાનું ! હજુ વધારે પાળીએ એમ કહીને વળી કંઈક નવું ઉભુ કરે ? **મહારાજે જેટલી આજ્ઞાઓ લખી એટલી જ પળાય ને તો ઘણું છે. એનાથી વધારે કરવાની જરૂર નથી અને ઓછું પણ કરવાની જરૂર નથી.** ૧૦૦% આજ્ઞા પાળવા પ્રયત્ન જરૂર કરવાનો, એવો પ્રયત્ન કરીએ તો ક્યાંક ૯૦% સુધી પહોંચાય. કારણ કે સ્વભાવથી કોઈ પર નથી.

મહારાજે કહ્યું કે, હરિભક્તનો અવગુણ ન લેવો. હવે કોઈએ ઠેબું માર્યું, દર્શન કરતા કરતા તો શું કરવું ? અમનેય ઠેબા વાગતા હોય - આજે જ અમો આવ્યા, હરિભક્તો ઉભા હતા, સિક્યોરીટી વાળા સીટી મારતા હતા. ભઈ ! સીટીના મારશો ! બધાને ખબર છે. નહીં ખબર હોય તો ખબર નથી પાડવાની. અમે અહીં સીટી મરાવવા આવીએ છીએ ? દર્શન કરવા આવીએ છીએ. બહેનો પણ કંઈ ઓછા નથી. ખસો, ખસો, ખસો... એમ કહીને બીજાને હડધૂત કરે. બન્ને પક્ષે કહું છું. પણ એ જગ્યાએ હાડહુડ કરવાને બદલે માન સન્માન જાળવી ને પ્રેમથી કહીએ કે ભગત જરા ખસશો ? દર્શન કરવા દેશો ? એવું કહીએ તો સાંભળનારને કેવું સારું લાગે ! હાડહુડ કરનાર પણ દસ વાર વિચાર કરે કે આપણે ખોટું કર્યું ! **વિવેક બુદ્ધિની વાત મહારાજે વચનામૃતમાં પાને પાને લખી છે. જીંદગીમાં બે વસ્તુ બહુ અગત્યની છે. વિવેક બુદ્ધિ અને સમયસૂચકતા.**

વિવેક બુદ્ધિમાં ક્યાં, ક્યારે, કોની સામે કેટલું બોલવું પછી એ આચાર્ય સાથે હોય, સાધુ સાથે હોય કે હરિભક્તમાં અરસ પરસ હોય એ બધું મહારાજે આપણને શીખવાડ્યું છે. દર્શન કેવી રીતે કરવા એ પણ એમાં જ આવી જાય છે. વિવેક આવડે તો દુઃખ ઉભુ ન થાય. જમવાની લાઈન હોય, ઉત્સવ સમૈયા હોય તેવા સમયે ઘણાને તકલીફ હોય, અનુકૂળ ન હોય, વડીલ હોય એને આગળ કરીએ તો એ સમયસૂચકતા જાણી કહેવાય. આ બધી માનવતા છે અને એ આપણામાં છે જ. મહદ્ અંશે આપણામાં બહુ સારું છે. બાકી બીજી જગ્યાએ પરોક્ષમાં ઝાપટીયા મારે, બહાર નીકાળે, પડદા પાડી નાખે, આપણા મંદિરોમાં સવારથી સાંજ સુધી બેસો, ભજન ભક્તિ કરો, કોઈ ઉઠાડે તમને ? ના ઉઠાડે. બહેનોમાં પણ અલાયદું, કોઈ ડિસ્ટર્બન્સ જ નહી. નહોતી દીઠી, **નહોતી સુણી એવી રીત મહારાજે પ્રગટાવી છે. આ મર્યાદા અને આ સુખની કોઈને જાણ જ નહોતી એવા મૂળિયા મહારાજે ગાળ્યા છે.** એની નિબ અહીંથી થઈ છે.

આપ સૌ ગામોગામથી દૂર દૂરથી અહીં આવ્યા છો અને આવતા રહેજો. કારણ કે **ભગવાન સિવાય આપણું કલ્યાણ નથી એવું હું માનું છું.** અને એ સંસ્કાર દીકરા-દીકરીઓને અમારે અને તમારે બધાએ આપવાના છે. **દીકરા દીકરીઓમાં અને પરિવારમાં દેવ સિવાય બીજું કંઈ નથી એવી સમજણ જે દિવસે દ્રઢ થશે ત્યારે આપણે મંદિરના પગથિયાં ચડ્યા એ સાર્થક છે.**

ખીચડીયા બાપા બાપજીના ફ્રેન્ડ હતા. બહુ નાનો હતો ત્યારથી ઓળખું છું. બહું વાતો છે એમની, અત્યારે નથી કહેતો. એ પરિવારે આજે લાભ લીધો. સત્સંગ, હેત અને લાગણીથી આપણે જોડાયેલા છીએ એટલે અમે નાનામાં નાના હરિભક્તને ઓળખીએ છીએ. બાકી દુનિયામાં અન્ય જગ્યાએ આપણે જોઈએ છીએ કે ક્યાંય કોઈને કોઈ ઓળખતું નથી. સત્સંગીનો પરિવાર દુનિયામાં

ક્યાંય પણ હોય તેની ચિંતા કરનાર આપણા હરિભક્તો છે, સંતો છે, અમે છીએ, એટલા માટે જ વિદેશમાં જઈએ છીએ. ઓસ્ટ્રેલીયા આજે જઈએ છીએ ત્યાં કંઈ ફરવા નથી જવાનું. ઓસ્ટ્રેલિયા કે દુનિયામાં ક્યાંય અમે ફર્યા જ નથી, એકેય જગ્યા જોઈ નથી. લંડન દોઢસો વાર ગયા હોઈએ પણ કિંગડમ પેલેસ જોયો નથી. **મંદિર સિવાય મારે કંઈ જોવું પણ નથી અને હરિભક્તો સિવાય કોઈને મળવું નથી. કારણ કે આપણી મૂડી જ આ છે.**

સત્સંગીઓના દીકરા-દીકરીઓના સંસ્કારોનું પોષણ થાય એ માટે જ ફરીએ છીએ અને એમાં તમારો પણ સહયોગ મળે છે. વડીલોએ જે આપ્યું છે એ જાળવી રાખવાનું છે. એ બળ અને શક્તિ મહારાજ સૌને આપે એ જ પ્રાર્થના.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** દર પૂનમે જે આટલી મોટી સંખ્યામાં હરિભક્તો ગામડાઓથી, શહેરમાંથી અને વિદેશથી પણ દેવના દર્શન માટે અને પોતાના જીવનું કલ્યાણ કરવા માટે જ્યારે મંદિરે આવતા હોય છે ત્યારે કથા વાર્તાથી બે ઘડી ભગવાનનું સ્મરણ થાય. સાથે સાથે મહારાજ ૪૯ વર્ષ સુધી પૃથ્વી ઉપર રહ્યા તે દરમિયાન અનેક લીલા ચરિત્રો કર્યા. કેટલા બધા લોકોને અધર્મના માર્ગેથી પાછા વાળીને ધર્મના માર્ગે જોડ્યા એવી ઘણી બધી વાતો પૈકી **કથાવાર્તાના માધ્યમથી કોઈક એવી વાત આપણા જીવનમાં ઉતરીને અંતરમાં ચોટી જાય. વર્ષો સુધી અંતકાળ સુધી યાદ રહે એના થકી જીવનું કલ્યાણ તો થાય જ પણ સાથે સાથે આપણું જીવન સુધરે છે.**

**ભગવાને કૃપા કરીને આપણને આવો માનવ દેહ આપ્યો છે. જીવન તો આપ્યું પણ સાથે સાથે કઈ રીતે જીવન જીવવું એની સમજણ આપણને આપી છે. સત્સંગી બનાવતા પહેલા મહારાજે આપણને માણસ બનાવતા શીખવ્યું છે.** માણસ કઈ રીતે થવું ? સૌ પ્રથમ માણસાઈ રાખવાનું શીખવાડ્યું છે. સ્વામિનારાયણ ભગવાને પહેલા મંદિરો નથી કર્યા. સૌ પ્રથમ અન્નક્ષેત્રો કર્યા છે, ગરીબોને જમાડ્યા છે. નાનામાં નાનો હરિભક્ત હોય, નાનામાં નાનો જીવ હોય તે કોઈ પણ પ્રકારે દુઃખી ન થાય તે માટે પોતાના આશ્રિતો માટે રામાનંદ સ્વામી પાસે અન્ન ધન વસ્ત્રના સુખનું વરદાન માગી લીધુ છે.

**મહારાજે આપણા સૌનું જ્યારે અનેક પ્રકારે હિત કર્યું છે ત્યારે આપણી ફરજ બને છે કે આપણે સત્સંગ માટે શું કર્યું ? શું કરી રહ્યા છીએ ? આ સવાલ પોતાની સામે જોઈને જ કરવાનો છે.** હરિ મંદિર હોય કે શિખરબંધ મંદિર હોય તે મંદિરમાં આપણાથી નિત્ય કંઈક એવું કાર્ય થાય કે જેનાથી આપણે તો ભગવાન સાથે જોડાઈએ છીએ પણ તેની સાથે આપણો પરિવાર હોય, સગા સંબંધી હોય કે ઓળખીતા હોય તે પણ ભગવાન સાથે જોડાય. કારણ કે અહીં જે સંતો અને ભક્તો બેઠા છો એ બધા દેવના છો, દેવની નિષ્ઠાવાળા છો. બધાની અંદર ભગવાન વસેલા છે. અને ભગવાને આપણને બધાને શક્તિ આપી છે. સક્ષમ છીએ, મજબૂત છીએ કે જેનાથી આ સત્સંગની સેવા કરી શકીએ. **એ સેવા ખાલી પૈસાથી નથી થતી કે સમય આપવાથી નથી થતી પણ નાનો બાળક હોય કે વડીલ હોય, કોઈપણ વ્યક્તિ હોય એને ભગવાનથી નજીક જોડીએ એ સૌથી મોટી સેવા છે.**

અત્યારે પૂર્વ વિસ્તાર બાપુનગરના ઘણા હરિભક્તો, યજમાન પરિવાર સહિત અહીંયા ઉપસ્થિત છો ત્યારે અમે ઘણા વર્ષોથી જોતા આવ્યા છીએ કે આ વિસ્તારનો સત્સંગ દેવની નિષ્ઠાવાળો અને દેવની ખુમારી વાળો સત્સંગ છે. બધા હરિભક્તો ખૂબ મહેનત અને લગનથી સત્સંગ કરતા આવ્યા છો અને કરાવતા આવ્યા છો એનું વિશેષ બળ મહારાજ આપ સૌને આપે એવી પ્રાર્થના સાથે એક જાહેરાત છે કે આગામી પૂનમથી ભગવાને જે શીખ આપી છે તે આજના યુવાનો અને બાળકોને ધ્યાનમાં રાખીને તેઓના જીવનમાં કઈ રીતે ઉપયોગી થઈ શકે તે ધ્યાનમાં રાખીને તેવા ટોપીકની એક - બે સંતોને વ્યાખ્યાન માળા આપીશું. કથા તો ચાલું જ રહેશે. ગામડાઓમાં તથા શહેરના વિસ્તારોમાં બે થી ત્રણ દિવસની યુવા શિબિરો તથા બાળ શિબિરોનું પણ આયોજન કરીશું. તો એની નોંધ લઈ આપના વિસ્તારમાં જ્યારે સભા શિબિર થાય તેનો યુવાનો અને બાળકો વધુમાં વધુ લાભ લે તેવો આગ્રહ રાખજો.

આજની પૂનમની સભાનો લાભ લેવા માટે યજમાન પરિવારને ખૂબ ખૂબ ધન્યવાદ અને મહારાજ આપ સૌનું ખૂબ રૂડું કરે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન

"ફાગણ સુદ -૩" શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે દિવાળીથી વિશેષ દિન છે. કારણ કે વિશ્વભરમાં સ્વામિનારાયણ સંપ્રદાયની યશોગાથા ગવાય છે તેના મૂળ આ દિવસે અમદાવાદ કાલુપુરમાં મંડાયા હતા. તે અતિ પવિત્ર દિવસ છે કારણ કે વિશ્વનું સૌ પ્રથમ મંદિર તે દિવસે અસ્તિત્વમાં આવ્યું અને તેથી જ તે તિથિનો મહિમા જાણી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો પણ સ્થાપના દિન તે જ દિવસે પસંદ કરાયો હતો.

સંપ્રદાયના શાસ્ત્રોમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા દિનનો મહિમા ખૂબ ગવાયો છે તેથી કાલુપુર મંદિરમાં તે દિવસે માનવ મહેરામણ ઉમટે તે સ્વાભાવિક છે. પરંતુ તે જ દિવસે મ્યુઝિયમનો પણ સ્થાપના દીન છે અને મ્યુઝિયમનો પણ મહિમા દિનપ્રતિદિન વધી રહ્યો છે. અહીં ચાલતા આવનારના મનોરથ પૂર્ણ થયાના અગણિત દાખલા છે. તેથી શ્રીજી સ્થાપિત નવધામ બાદ મ્યુઝિયમ ૧૦માં ધામ તરીકે પ્રસિધ્ધ થતું જાય છે. સંપ્રદાય માટે બન્ને પ્રસંગોનું અતિ મહત્વ હોઈ ભક્તોને બન્ને પ્રસંગોને માણવાનું મન હોય છે. પરંતુ ૧૩ વર્ષના અનુભવે હરિભક્તોને અગવડ પડતી હોય તેમ પ્રતીત થયુ છે આથી બન્ને પ્રસંગોના દિન અલગ કરવાની જરૂરિયાત ઉભી થતા હરિભક્તોની નાનામાં નાની અગવડને દૂર કરવા તત્પર પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ દ્વારા નિર્ણય લેવાયો છે કે હવેથી

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો સ્થાપના દિન દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.

આ દિવસની પસંદગી એટલા માટે કરવામાં આવી છે કે તે દિવસે (ઈ.સ. ૧૮૨૫) શ્રીજી મહારાજે કુબેરદાસ છડીદારને મુખત્યારનામુ (પાવર ઓફ એટર્ની)કરી આપેલ તે વિશ્વના એક માત્ર શ્રીહરિના હસ્તાક્ષર તે દિવસે સત્સંગને પ્રાપ્ત થયા હતા. જે મ્યુઝિયમના હોલ નં. ૮ માં પ્રદર્શિત છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે મારી વાણી જ મારૂ સ્વરૂપ છે. આ અર્થે તેમના હસ્તાક્ષર પણ તેમનું જ સ્વરૂપ ગણાય અને તે હસ્તાક્ષરના ઉદ્‌ભવ દિનને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો સ્થાપનાદિન તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આશા છે સમગ્ર સત્સંગ સમાજ તેને હર્ષભેર વધાવી લેશે.

જોગાનુજોગ તે પત્રને આ વર્ષે ૨૦૨૫ ની ૨૯ માર્ચના દિવસે ૨૦૦ વર્ષ પૂરા થાય છે.





શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી

**ઓક્ટોબર-૨૦૨૪**

| | |
|---|---|
| તા. ૧૫-૧૦-૨૦૨૪ | પ.ભ.શ્રી ગૌતમભાઈ ઠક્કર - મણીનગર, અમદાવાદ. |
| તા. ૨૬-૧૦-૨૦૨૪ | પ.ભ.શ્રી રણછોડભાઈ કોદરભાઈ પટેલ - હિંમતનગર. |
| તા. ૨૭-૧૦-૨૦૨૪ | પ.ભ.શ્રી હાર્દિક નરેન્દ્રભાઈ પટેલ - મેઘાણીનગર. |

**નવેમ્બર-૨૦૨૪**

| | |
|---|---|
| તા. ૦૩-૧૧-૨૦૨૪ | પ.ભ.શ્રી હરજીવનદાસ કરશનદાસ પટેલ - કડી - હ. ડૉ. ઘનશ્યામભાઈ હરજીવનદાસ પટેલ (ધરમપુરવાળા) |
| તા. ૦૬-૧૧-૨૦૨૪ | પ.ભ.શ્રી ડૉ. સતીષભાઈ શાહ |
| તા. ૦૮-૧૧-૨૦૨૪ | પ.ભ.શ્રી મનીષ હાલાઈ, મિનેષ ભૂડીયા, નિખિલ ખેતાણી, દેવ, દર્શન ભંડેરી, દિલ્લાન પટેલ તથા કરીના ભીખા. |
| તા. ૧૦-૧૧-૨૦૨૪ | પ.ભ.શ્રી ગૌતમભાઈ કાંતિભાઈ પટેલ - ડાંગરવાવાળા - હાલ યુ.એસ.એ. |
| તા. ૧૪-૧૧-૨૦૨૪ | પ.ભ.શ્રી હર્ષદકુમાર બાબુલાલ પટેલ - રાજપુરવાળા - હાલ ગાંધીનગર. |
| તા. ૧૫-૧૧-૨૦૨૪ | પ.ભ.શ્રી રંજનબેન શૈલેષકુમાર પટેલ - રાણીપ. |
| તા. ૧૬-૧૧-૨૦૨૪ | પ.ભ.શ્રી નિલેષભાઈ તથા પારૂલબેન પટેલ - ન્યુજર્સી - યુ.એસ.એ. |
| તા. ૨૫-૧૧-૨૦૨૪ | પ.ભ.શ્રી પ્રાચી નિમિત દોશી - અમદાવાદ - હ. સંદિપભાઈ શેઠ. |
| તા. ૨૯-૧૧-૨૦૨૪ | પ.ભ.શ્રી નવિનચંદ્ર ગોવિંદલાલ પટેલ - મોખાસણવાળા - હાલ યુ.એસ.એ. |
| તા. ૨૯-૧૧-૨૦૨૪ | પ.ભ.શ્રી અરૂણાબેન નવિનચંદ્ર પટેલ - મોખાસણવાળા - હાલ યુ.એસ.એ. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી

**ઓક્ટોબર-૨૦૨૪**

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પ.ભ.શ્રી ડૉ. વસંતકુમાર મનજીભાઈ વાલુ - અમદાવાદ. |

**નવેમ્બર-૨૦૨૪**

| | |
|---|---|
| રૂા. ૮૪,૫૦૦/- | પ.ભ.શ્રી નીતિન હિરજી વરસાણી - નારણપર (કચ્છ-ભુજ) |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ.શ્રી ડાહ્યાભાઈ એન. પટેલ (માણસાવાળા) - હ. શ્રીમતિ વિમળાબેન ડી. પટેલ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) 'પ્રાપ્ત' અને 'પ્રતીતિ' વચ્ચેની સમજણ જાળવી રાખવાની છે**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આટલી બધી સભા થાય છે. સત્સંગ થાય છે. તો બધું શું સમજાવવા માટે થાય છે. બે વસ્તુની સમજણ જતી ના રહે એટલા માટે આ બધું છે. શું છે. બે વસ્તુ ? (૧) 'પ્રાપ્ત' (૨) 'પ્રતીતિ', 'જીવ', 'ઈશ્વર' અને 'માયા' આ જે ત્રણ વસ્તુ છે. એમાં એક બાજુ 'ઈશ્વર' છે અને એક બાજું 'માયા' છે અને વચ્ચે 'જીવ' છે. તો 'જીવ' એટલે આપણા 'ઈશ્વર' એટલે ભગવાન અને 'માયા' એટલે આખું જગત. તો **'ઈશ્વર' - એટલે 'પ્રાપ્ત' અને 'માયા' એટલે 'પ્રતીતિ' એક 'પ્રાપ્ત' છે અને બીજું 'પ્રતીતિ' છે. તો 'પ્રતીતિ' એટલે જે હકીકતમાં સત્ય નથી. પણ સત્ય જેવું ભાસે છે. એવી 'પ્રતીતિ' થાય છે અને 'પ્રાપ્ત' છે એ 'પરમાત્મા' છે.** તો જે 'પ્રાપ્ત' છે એ સત્તા છે. જેના થકી આખી પૃથ્વી ચાલે છે. પણ આપણને એ દેખાતું નથી માટે આપણે ભૂલી જઈએ છીએ અને જે દેખાય છે એ પણ 'પ્રતીતિ' માત્ર છે. ને ક્ષણ માત્ર છે. પણ **આપણે જે પ્રતિત થાય છે એને જ સાચું માની લઈએ છીએ. તો એ જ સમજવાનું છે કે જે 'પ્રાપ્ત' છે તેને જ વળગી રહેવાનું છે. તેને સમજવું એકદમ સરળ છે. કે જે વસ્તુ કાયમી હોય છે એ અખંડ હોય, શાશ્વત હોય છે અને એમાં પરિવર્તન થતું નથી.** જે પરિવર્તિત થાય છે તે અખંડ નથી. તેને સમજવા માટે આપણે એક ઉદાહરણ લઈએ. વૃક્ષ ઉપર ફળ આવે એ પહેલા ફુલ આવે છે. પછી કાચું ફળ આવે છે અને પછી એમાંથી પાકું ફળ થાય છે. પછી ખરી જાય છે. તો એવી જ રીતે માતાના ઉદરમાં 'જીવ' આવે છે. તો આકાર પામવાનું શરૂ થાય છે ત્યારથી પરિવર્તન ચાલું જ થઈ જાય છે. જન્મથી લઈને મૃત્યુ સધી બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃધ્ધાવસ્થા એમ પરિવર્તન આવ્યા જ કરે છે. કેમ ? તો કાયમી રહેવાનું નથી એટલા માટે થાય છે. નહિ તો કાયમી રહેવાનું હોય તો પરિવર્તન ના થાય. **એ જ ભેદ સમજવાનો છે. એટલું જ જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે કે હકીકતમાં આપણે 'શરીર' નથી પણ 'આત્મા' છીએ. અને આત્મા 'શાશ્વત' છે અને આપણે શરીરને શાશ્વત માની લઈએ છીએ ત્યાં જ તકલીફ થાય છે. શરીર ઉપર આપણો અધિકાર છે જ નહિ.** અને જો હોય તો સૌથી પ્રથમ આપણે વૃધ્ધાવસ્થાને આવવા જ ના દઈએ ! અને કોઈપણ પ્રકારનો રોગ જ ના થવા દઈએ ! આ શરીર ઉપર આપણું આધિપત્ય ચાલે જ નહિ. **ક્ષણે ક્ષણે 'પરિવર્તન' થાય છે અને પળે પળે આ શરીરનો 'વિયોગ' થઈ રહ્યો છે.** બાળક જન્મે છે એના વર્ષ પછી આપણે જન્મદિવસ ઉજવીએ છીએ. રાજી થઈએ છીએ કે એક વર્ષનો થઈ ગયો. શરીર વધે છે. પણ જન્મતાની સાથે જ આ શરીરનો **'વિયોગ'** શરૂ થઈ જાય છે. એક વર્ષ એના જીવનમાંથી ઓછું થઈ જાય છે. આ પૃથ્વી પર એનું જે અસ્તિત્વ છે તે એક વર્ષનું ઓછું થાય છે. **'શરીરના સંજોગો બધા વિયોગી સ્વભાવના છે.'** એટલે પરિવર્તનશીલ છે. અને આપણે તેને કાયમી સમજી લઈએ છીએ **અને જે સત્તારૂપ છે. નિત્ય છે. 'પ્રાપ્ત' છે. તેને 'અપ્રાપ્ત' સમજી લઈએ છીએ. આ બહું જ 'બારીક' સમજણ છે એ સમજવા માટે સત્સંગ કાયમ કરવો પડે છે.** જો ન કરીએ તો સમજણ છે તે તૂટી જાય છે. જ્ઞાન બધું જતું રહે છે. જ્ઞાન ઉપર માયારૂપી **'આવરણ'** આવી જાય છે. કાચનો ગ્લાસ હોય એમાં દૂધ પીવા માટે ભર્યું હોય અને અસાવધાની રહે અને કાચનો ગ્લાસ હાથમાંથી પડી જાય અને દૂધ ઢોળાઈ ગયું તો મનમાં એમ થાય કે કાચનો ગ્લાસ ભલે તુટી ગયો પણ દૂધ લઈ લઉ, તો શક્ય છે ? નથી. અહિંયા કહેવાનો અર્થ છે કે પ્રાપ્ત અને પ્રતીતિ એ બે વચ્ચેની સમજણ છે. એ જતી રહે તો જ્ઞાન જતું રહે. અને જ્ઞાન છે ને એ કાચ જેવું છે. તેને સાવધાની રાખીને જતન કરવું પડે છે. અસાવધાની રહે તો કાચની જેમ તુટી જાય છે. **અને જ્ઞાન જાય તો ઈશ્વર પણ જતા રહે છે કેમ કે ? એ સમજણ (જ્ઞાન) થકી જ ભગવાન પ્રાપ્ત થવાના છે. જો એ જ્ઞાન નહિ રહે તો ભગવાન પણ નહિ મળે અને જે**

**વસ્તુ નાશવંત છે. નિત્ય નથી. સત્યની પ્રતીતિ કરાવે છે. એનું ચિંતવન કરવાથી તમારા હાથમાં કાંઈ નહિ આવે. જીવનનો બધો 'પરિશ્રમ' વ્યર્થ જશે. જ્ઞાન હશે તો જ ભગવાનનું ચિંતવન થશે.** અને ભગવાન કેટલા બધા દયાળુ છે એ તો જીવનમાં વિપરીત પરિસ્થિતિ આવે ત્યારે ખબર પડે છે. ઘણીવાર એવું થાય છે જીવનમાં કે ભગવાને દયા ના કરી હોત તો શું થાત ? મારાથી તો આમાંથી બહાર નીકળાય એવું હતું જ નહિ. **ભગવાને જ બહાર કાઢ્યા એવું લાગે છે. એવો બધાને અનુભવ છે.** અને આપણું સારુ થાય એના માટે તો આપણા ઉપર ભગવાને કેટલી બધી કરુણા કરી છે કે આ સત્સંગ મળ્યો છે. તો સહેજે-સહેજે બધું જ મળી ગયું છે તો બધી ચિંતા છોડી ભગવાનનું ચિંતવન કરતા રહેશો તો ધીમે ધીમે બેડો પાર થઈ જશે.

●

**બાળ સંસ્કાર**

- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)

માનવ જીવનમાં ત્રણ અવસ્થા છે. બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા.

બાલ્યાવસ્થા એ ખીલવાની અદમ્ય ઈચ્છાથી ભરેલા પુષ્પની કળી સમાન છે તે કળીને જરૂર છે માત્ર સંસ્કાર યુક્ત પોષણની. નાના બાળકમાં ભગવાન જેવી જ નિર્દોષતા, નિખાલસતા, સહજતા, સરળતા, નિર્મળતા વગેરે ગુણોના દર્શન થાય છે.

યુવાવસ્થા એ પૂર્ણ ખીલેલું પુષ્પ છે. યુવાનીમાં કાર્ય કરવાની ક્ષમતા - બુદ્ધિ શક્તિ - ધગશ - ધ્યેય સિદ્ધિ વિગેરે હોય છે.

વૃધ્ધાવસ્થા એ મૂર્ઝાયેલું પુષ્પ છે.

બાળકના બાલ્યાવસ્થામાં આપેલો સમય માત-પિતાની વૃધ્ધાવસ્થાને સુધારે છે. નાનું બાળક મોટે ભાગે અનુકરણ સીલ હોય છે. આપણા શાસ્ત્રોમાં પણ ગર્ભ-સંસ્કારની વાત કરવામાં આવી છે. અર્જુન પુત્ર અભિમન્યુ માતાના ઉદરમાં પ્રભુ ભક્તિના સંસ્કાર શિખ્યા હતા. બાળ શિવાજી પારણિયામાં મા જીજાબાઈ પાસેથી રામાયણ, ભાગવતના સંસ્કાર મળ્યા હતા.

સ્વંય મહારાજ કારિયાણીના ત્રીજા વચનામૃતમાં કહે છે કે "સારો હોય તે તો બાળકપણામાંથી જ જણાય છે" જ્યારે બાળક નાનું હોય ત્યારે જ તેના ગુણ રૂચિ સ્વભાવ, વર્તન, વૃત્તિ ઓળખીને કરેલું સિંચન બાળકનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે છે. આ દર્શન બાળક બની જીવનમાં તિમિરમાંથી પ્રકાશમાં, અસત્ માંથી સત્યમાં, પરિવર્તન થાય છે.

માટે આ મોંઘો મનુષ્યદેવ મળ્યો છે. દુનિયાનો વિકાસ પણ મનુષ્યના પ્રયત્નો વડે જ થાય છે. માટે સત્સંગમાં ચાલતા બાળ મંડળ - યુવક મંડળ - યુવતિ મંડળ - સત્સંગ શિબિર વડે જીવનના વિકાસ માટેનું ભાતું મળી રહે છે. આવી સત્સંગ સભામાં જોડાવાથી યોગ્ય માર્ગ મળે છે. લઘુતા ગ્રંથિ દૂર થાય છે. હજારો યુવાનો - યુવતીઓને યોગ્ય દિશા - વિકાસનો માર્ગ મળી રહે છે.

આજની શાળા - કોલેજો દુન્વયી સામાન્ય જ્ઞાન જરૂર આપશે. પરંતુ સંસ્કાર - સત્સંગ એ તો સત્સંગની સેવા પ્રવૃત્તિમાં જોડાવાથી મળી રહે છે. સમાજ પરિવારને પણ પોષણરૂપ બને છે. જીવનની કૂટેવોનો નાશ થાય છે. અંતરમાં રહેલી ઉર્મિઓ ખીલી ઉઠે છે. જીવન નવપલ્લવિત બની મહેંકી ઉઠે છે.

ઘનશ્યામ મહારાજ બાળકોના આદર્શ છે. દરરોજ દેવ મંદિરે દર્શને જવું. કથા સાંભળવી, શાસ્ત્ર અધ્યયન કરવું વગેરે બાળ પ્રભુ ઘનશ્યામ મહારાજની પ્રકૃતિ હતી. બાળ પ્રભુ ઘનશ્યામ મહારાજની એક દિન ધર્મદાદાએ વૃત્તિ પરીક્ષા લીધી. શસ્ત્ર - સંપત્તિ અને શાસ્ત્રમાંથી પ્રભુએ 'શાસ્ત્ર' ની પસંદગી કરી હતી. બાળ પ્રભુ પોતાની આ લીલાથી અનેક બાળક ને શાસ્ત્ર અધ્યયનની પ્રેરણા આપે છે. દરેક બાળકને સંસ્કારની પ્રેરણા મળે છે.

આજના આધુનિક યુગમાં ટીવી, મોબાઈલ, દેખા દેખી, ફેશન, વ્યસન વગેરે સમસ્યા વચ્ચે બાળ સંસ્કારનો મહત્વનો પ્રશ્ન છે.

●

**"આવો કરવો સ્નેહ ભગવાન સાથે"**

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

કળિયુગમાં પરમાત્માને પ્રસન્ન કરવા ભક્તિનો માર્ગ સર્વોત્તમ ગણાય છે. સામાન્ય લોકો ભક્તિ એટલે ભગવાન સમક્ષ દીવો કરવો, ભગવાનને પુષ્પોની માળા ચડાવવી,

થાળ ધરવો અને આરતી કરવી એટલો જ અર્થ કરે છે. પરંતુ નારદમુનિએ કહ્યું છે તેમ ભક્તિ પ્રેમરૂપા છે. જેમાં ભગવાન પ્રત્યે ઊંડામાં ઊંડો પ્રેમ પ્રગટે, જેમાં ભગવાનનું ચિંતન થાય તથા સર્વ પ્રકારે ઉપાસના થાય એજ સાચી ભક્તિ છે. ભગવાન પ્રત્યેનો સ્નેહ છે. આવી સાચી ભક્તિ ધરાવનાર ભક્ત ભગવાન પાસે કદી યાચના કરતો નથી. કારણ કે એને દૃઢ વિશ્વાસ છે કે ભગવાન યોગ્ય માણસને, યોગ્ય સમયે, યોગ્ય વસ્તુ, યોગ્ય પ્રમાણમાં આપી જ રહે છે. ભક્ત ભક્તિના બદલામાં ભગવાન પાસે ભગવાનના અનન્ય સ્નેહ સિવાય કશું જ માગે નહિ. માત્ર ભગવાનને જ હૃદયમાં ધારણ કરવાની એની તીવ્ર ઝંખના હોય છે. ભગવાન જે સ્થિતિમાં એને રાખે એ સ્થિતિમાં તે આનંદ માણે છે. શાસ્ત્રો કહે છે કે, અનન્ય ભક્તિથી જ ભગવાન પ્રાપ્ત થાય છે. ભગવાનને માત્ર ભક્તિથી જ ભક્ત સારી રીતે ઓળખી શકે છે.

જેને ભક્તિનો માર્ગ જડ્યો છે અને જે ભક્તિના માર્ગને અનુસરે છે તે પરમ ભાગ્યશાળી છે. કારણ કે હજારો જન્મોમાં તપ, દાન અને સમાધી વગેરે સાધના કરવામાં આવે ત્યારે પાપ ક્ષીણ થાય છે અને ભગવાનમાં ભક્તિ થાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ પુરૂષોત્તમ છે અને પોતાની પ્રસ્થાપેલ મૂર્તિઓમાં, આચાર્યશ્રીમાં તથા સત્શાસ્ત્રોમાં સાક્ષાત્ બિરાજે છે. એમના પ્રત્યે કેવી રીતે ભક્તિ કરવી તે સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ રચેલ સ્નેહગીતામાં સરળ અને સચોટ રીતે સમજાવ્યું છે.

ભક્તિ કરનારને પોતાના ભગવાન ઉપર અતિશય સ્નેહ હોવો જોઈએ. ભક્તિ તો રાવણ પણ કરતો હતો. તે જ્યાં જાય ત્યાં સોનાનું શિવલીંગ પૂજા કરવા લઈ જતો, શિવની સામે તે નૃત્ય પણ કરતો. પણ આવી ભક્તિ પાછળનો એનો હેતુ સત્તા પ્રાપ્ત કરવાનો અને ભોગો માટે વરદાન પ્રાપ્ત કરવાનો જ હતો. એમાં ક્યાંય ભગવાન પ્રત્યે સ્નેહ ન હતો. આવા સ્નેહની તુલનામાં જપ, તપ, તીરથ, યજ્ઞ, દાન, પુણ્ય અને નવધા ભક્તિનું મૂલ્ય ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેના સાચા સ્નેહથી ઓછું જ ગણાય.

**“જપ તપ તીરથ જોગ યજ્ઞ સ્નેહ સમાન નવ દેખિયું,**
**દાન, પુણ્યને વ્રતવિધિ કરે, ભક્તિ નવધા કોય,**
**સ્નેહ વિના સરવે સુનું જેમ ભોજન ઘૃત વીણ હોય.”**

ભગવાન પ્રત્યેના આવા સાચા સ્નેહ વિનાની ભક્તિ પાણી વગરનાં સરોવર જેવી, સુગંધ વગરના પુષ્પ જેવી તથા સ્નેહ વગરનાં હૃદય જેવી નિરર્થક છે. અગન પંખી જમીન થી સીધું આકાશમાં ઉડતી વખતે મધુર અવાજથી ગીત ગાય છે. પણ પાછું ત્યાંથી પડતું મૂકી પોતાના જમીનમાં આવેલા માળામાં આવતું રહે તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પર દંભી ભક્તિ બતાવનાર વિમુખો બક્તિનો ભારે ઊંચો દેખાવ કરે છે. પણ પાછા સંસારની માયાજાળમાં જ અટવાઈ જાય છે.

સાચો સ્નેહ હોય ત્યારે સત્સંગી પળેપળ પરમાત્માની યાદમાં ખોવાયેલો રહે છે. એક દિવસ મસ્તકના વાળ ધોયા પછી અર્જુન શ્રી કૃષ્ણનાં ખોળામાં મસ્તક રાખી સૂતો હતો ત્યારે રૂક્ષ્મણીએ શ્રીકૃષ્ણને સવાલ પૂછ્યો. “આપ અર્જુન ઉપર આટલો બધો સ્નેહ કેમ રાખો છો ?” શ્રીકૃષ્ણે રૂક્ષ્મણીને અર્જુનના વાળ પાસે કાન લાવવા કહ્યું. રૂક્ષ્મણીએ જ્યારે અર્જુનના વાળ પાસે કાન ધર્યો ત્યારે તેને અર્જુનના પ્રત્યેક વાળમાંથી પણ “શ્રીકૃષ્ણ શરણં મમ્” એ મંત્ર સંભળાયો. ગોપીઓએ આવી સ્નેહરૂપા ભક્તિ કરી હતી.

ગોપીઓએ આવી પ્રેમમયી ભક્તિ ભગવાન માટે કરી તો આજે પણ આ ગોપીઓની કીર્તિ ગવાય છે.

**“ભૂત ભવિષ્ય વર્તમાનમાં**
**કોઈ એ સ્નેહ તુલ્ય નથી આવતું,**
**નિષ્કુળાનંદના નાથજીને,**
**સ્નેહ વિના નથી ભાવતું.”**

શ્રીજી મહારાજ પ્રત્યે આવો તીવ્ર પ્રેમ જેના હૃદયમાં હોય એના ઉપર જ શ્રીજી મહારાજ પ્રસન્ન થાય છે. પૂજા અને ભક્તિનાં માત્ર બાહ્ય દેખાવ અને દંભથી શ્રીજી મહારાજ પ્રસન્ન થતા નથી.

**શ્રી સ્વામિનારાયણ માસિક ન મળવા બાબત**

શ્રી સ્વામિનારાયણ માસિક જેને પોસ્ટમાં ન મળતા હોય (બાપુનગર, નિકોલ, નવા નિકોલ, નરોડા આદિ વિસ્તાર) તેમણે પ.ભ. ગોરધનભાઈ સીતાપરા મો. નં. : ૮૭૮૦૪૩૪૯૪૧ ઉપર સંપર્ક કરવો.




અમદાવાદ કાલુપુર મંદિરમાં શ્રી નરનારાયણદેવ આદિ દેવોના અદ્યતન રસોડાનું ખાત મુર્હૂત પ્રસંગે શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો



ન્યૂ નિકોલ નૂતન મંદિરનું ખાત મુર્હૂત કરતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી



અમદાવાદ મંદિરમાં પ્રબોધિની એકાદશીએ પોતાના વરદ્ હસ્તે
સંત મહા દીક્ષા આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




અમદાવાદ મંદિરમાં દિપોત્સવ પ્રસંગે ઠાકરોજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા કાલુપુર મંદિરમાં દિવાળીમાં ભવ્ય સજાવટ





અન્નકૂટ



ચોપડા પૂજન



# અમદાવાદ મંદિરમાં



હાટડી ઉત્સવ



પૂનમ સભા







ઉત્સવ







રંગ મહોલ પાટોત્સવ

# દિવાળી ઉત્સવો



શરદ પૂનમ









અસારવા ગુરૂકુળ વીર હનુમાનજીના પાટોત્સવ પ્રસંગે મારૂતિયજ્ઞમાં પૂજા કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી
તથા યજમાનોનું અભિવાદન કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



બાવળા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ
આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



અમદાવાદ મંદિરમાં શ્રી વ્રજેન્દ્રભુવનમાં સંતો માટે
નૂતન લીફટનુંઉદ્‌ઘાટન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી




મહેસાણા મંદિરમાં ખીચડી ઉત્સવ અને સત્સંગ સભા અંતર્ગત
સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



મુબારકપુરામાં પોતાના વરદ્ હસ્તે શાકોત્સવ કરતા
પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



જેતલપુર મંદિરમાં સમૂહ મહાપૂજામાં લાભ લેતા હરિભક્તો



પ્રયાગ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અભિષેક દર્શન

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી સમગ્ર ધર્મકુળના વરદ્ હસ્તે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના 52માં પ્રાક્ટ્યોત્સવના દિવસે ખાતમૂર્હુત કરાયેલ

## શ્રી નરનારાયણદેવ આદિ દેવોના અધતન રસોડાનું કામ પૂર ઝડપે ચાલુ છે







**સહયોગ માટે સંપર્ક :- કોઠાર ઓફિસ**

**For Donation**

**Account Holder**

**Shree Swaminarayan Mandir Trust**

**Bank: State Bank Of India**
**Branch : Navrangpura, Ahmedabad**
**A/C No. 62303101798**
**IFSC Code : SBIN0003096**
**MICR CODE : 380 002 029**

## શ્રી નરનારાયણદેવનું રસોડું અને સંત નિવાસ બાંધકામમાં સેવાનો રૂડો અવસર

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી ઉપરોક્ત ઠાકોરજીનું અદ્યતન સુંદર રસોડું ને સંત નિવાસનું નિર્માણ કાર્ય ધમધોકાર ચાલી રહ્યું છે. આપ સૌ શ્રીહરિના આશ્રિતોએ આવા મહા ભગીરથ સેવા યજ્ઞમાં અમદાવાદ શહેર અને ગામો ગામના સર્વ ભક્તો આપનું અનુદાન સેવા હમેંશા આપો છે તે રીતે જ આપશોજ. આપની સેવાની અમદાવાદ મંદિરના કોઠાર ઓફિસથી પાકી પહોંચ સત્વરે મળી જશે. (કોઠારી સ્વામી)

# સત્સંગ સમાચાર

### અમદાવાદ મંદિરમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી, પરમપૂજ્ય લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ.શ્રીરાજા એમ સમસ્ત ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તેમજ પૂજ્ય સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી (ભૂજ) અને પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણા માર્ગદર્શનથી સહજાનંદ કન્ટ્રકશન કું. પરિવાર માંડવી (કચ્છ)ના યજમાન પદે તા. ૬-૧૦-૨૦૨૪ થી તા. ૧૦-૧૦-૨૦૨૪ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પ્રસાદીના સભા મંડપમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી (ભુજ), સ.ગુ. મહંત શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (નારણઘાટ), સ.ગુ. શા. સ્વા. ભક્તવત્સલદાસજી (ભુજ)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. કથા દરમ્યાન સમગ્ર ધર્મકૂળે પધારી યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ભુજથી પૂજ્ય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પાર્ષદશ્રી જાદવજી ભગત આદિ ઘણા સંતો આ પ્રસંગે પધાર્યા હતા. અને યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામીના માર્ગદર્શન પ્રમાણે પૂ. મુનિ સ્વામી, પૂ. જે.પી. સ્વામી, પૂ. બાલુ સ્વામી અને પૂ. ભંડારી સ્વામીએ ખૂબજ સુંદર વ્યવસ્થા કરી કચ્છ-ભૂજના સંત-હરિભક્તોને રાજી કર્યા હતા. છેલ્લા દિવસે તા. ૧૦-૧૦-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વ્યાસપીઠની આરતી ઉતારી કથાની પૂર્ણાહુતિ થઈ હતી. ત્યારબાદ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં કથાનું સુંદર સંચાલન પૂજ્ય મુનિ સ્વામીએ સુંદર કર્યું હતું.

(કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસજી)

### પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પર મો પ્રાકટ્યોત્સવ કાલુપુર મંદિર ઠાકોરજીનું રસોડું સંત નિવાસ તથા ન્યુ નિકોલ મંદિરનું ભૂમિ પૂજન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સંકલ્પથી આ વખતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પર મો પ્રાકટ્યોત્સવ અમદાવાદના પોસ વિસ્તાર ન્યુનિકોલમાં આપણા શ્રી નરનારાયણદેવ તાબાના ભવ્ય નૂતન મંદિરના ભૂમિ પૂજન બાદ સૌરાષ્ટ્ર પટેલ સમાજ વાડી ખાતે ઉજવવાનું સુંદર આયોજન પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન અને પૂજ્ય રામ સ્વામી દ્વારા સંપન્ન થયું.

આસો સુદ-૧૦ તા. ૧૩-૧૦-૨૦૨૪ રવિવારના પ્રાતઃ ૮-૦૫ કલાકે પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણાદિ દેવોની શણગાર આરતી ઉતારી-દર્શન કરી કાલુપુર મંદિરમાં નૂતન ભવ્ય અદ્યતન ઠાકોરજીનું રસોડું અને સંત નિવાસનું ભૂમિપૂજન સમગ્ર ધર્મકુળના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું. ત્યારબાદ ન્યુ નિકોલ પધાર્યા હતા. જ્યાં હજારો સંત-હરિભક્તોની ઉપસ્થિતિમાં આપણા શ્રી નરનારાયણદેવ તાબાના ભવ્ય હરિ મંદિરનું વિધિવત રીતે પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભૂમિપૂજન સંપન્ન થયું.

પ્રાસંગિક સભામાં પૂ. મહંત સ્વામી અને વિદ્વાન સંતોએ પ.પૂ. મહારાજશ્રીને પોતાની અંતરની શુભેચ્છા પાઠવી હતી. પ.ભ. મગનભાઈ રામાણીનું સન્માનપત્ર આપીને પ.પૂ. મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળે સન્માન કરી તેમની સેવાને બિરદાવી હતી. આપણા આ મંદિરમાં જે જે હરિભક્તોએ ભૂમિદાનમાં સેવા કરી હતી તેમનું સમગ્ર ધર્મકુળના હસ્તે સન્માન કરી તેમની સેવાને બિરદાવવામાં આવી હતી. છેલ્લે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોએ ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર પ્રસંગનું સભા સંચાલન પૂજ્ય રામ સ્વામી અને પૂજ્ય મુનિ સ્વામીએ સુંદર રીતે શોભાવ્યું હતું. સમગ્ર આયોજન આપણા પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી આપણા સંત-હરિભક્તોની કુશાગ્ર ટીમે ખૂબજ સુંદર રીતે કર્યું હતું. પર મો પ્રાકટ્યોત્સવ એપ્રોચ, હર્ષદ કોલોની, નિકોલ ગામ, કર્મ શક્તિપાર્ક, આદિશ્વરનગર, નરોડા આદિ સમસ્ત સત્સંગ સમાજના સહયોગથી સંપન્ન થયો હતો. ધામોધામના સંત-હરિભક્તોએ પર માં પ્રાકટ્યોત્સવને માણીને ધન્ય ધન્ય બન્યા હતા.

(શા. સ્વા. નારાયણમુનિદાસજી)

### અમદાવાદ મંદિરમાં ઉજવાયો ભવ્ય શરદોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં આસો સુદ-૧૫ શરદ

પૂર્ણિમાં તા. ૧૬-૧૦-૨૦૨૪ ને બુધવારના રોજ ખૂબજ ધામધૂમથી ઉજવાયો. પૂ. મુનિ સ્વામીની સૂજબુઝ અને પ્રેરણાથી નિજ મંદિરનો ચોક ને રોશની અને સુંદર મંડપ શણગારવામાં આવેલ. આવા સમયે વરસાદે પણ એન્ટ્રી કરી છતાં પણ શરદોત્સવ ઝાંખો ન પડ્યો. ઓચ્છવ મંડળે ભવ્ય ઓચ્છવ કર્યો. રાસ ગરબાની રમઝટ જામી હતી. પૂર્ણાહુતિની આરતી બાદ તમામ ભક્તોને દૂધ, કેસર, એલાયચી, સાકર યુક્ત દુધ પૌંવાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. શરદોત્સવના યજમાન અ.નિ. ઈશ્વરભાઈ મણીલાલ પટેલ મારુસણાવાળા, ગં.સ્વ. લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલ - હ. પ.ભ. નાગરભાઈ ઈશ્વરભાઈ પટેલ, હર્ષિદાબેન નાગરભાઈ પટેલ, ચિ સાર્ગિલ અને દિયા.

(કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં આસો સુદ-૧૫ સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી, પરમપૂજ્ય લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી છેલ્લા ઘણા સમયથી દર પૂનમના કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધર્મકુળની નિશ્રામાં નિયમિત સત્સંગ સભા થાય છે. આસો સુદ-૧૫ તા. ૧૭-૧૦-૨૦૨૪ ગુરૂવારના પ્રસાદીના સભા મંડપમાં પરમપૂજ્ય લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અ.નિ. વલ્લભભાઈ પોપટભાઈ ખીચડીયા, અ.નિ. જવલબેન વલ્લભભાઈ ખીચડીયા પરિવાર - હ. પ.ભ. નારણભાઈ, પ.ભ. રમેશભાઈ, પ.ભ. મહેન્દ્રભાઈ, ચિ. ઉમંગ, કીર્તન, અભિષેક, પૂજન, શેલજા ગામ ઈંગોરાળા (ડાંડ) હાલ અમદાવાદના યજમાનપદે થઈ હતી. સત્સંગ સભાના વક્તા સ.ગુ. શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી (એપ્રોચ મંદિર)એ સુંદર કથામૃતપાન કરાવ્યું હતું.

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન અને સમૂહ ચોપડા પૂજન**

વિશ્વના સૌ પ્રથમ મંદિર કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આસો વદ-૧૪ તા. ૩૧-૧૦-૨૦૨૪ ગુરુવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે શ્રી હનુમાનજી મહારાજનું પૂજન-અર્ચન આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. આ પ્રસંગે શહેરના અનેક હરિભક્તોએ દાદાના દર્શન કરી અલૌકિક લાભ લઈ ધન્ય બન્યા હતા. દાદાને વિવિધ વાનગીઓનો સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

**સમૂહ શારદા પૂજન**

